# 18 રાષ્ટ્રીય એકતા

ભારત એક વિશાળ રાષ્ટ્ર છે. એ માત્ર ભૂમિનો ટુકડો નથી કે એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. એ લાગણી કે ભાવનાનો પ્રાણવાન પિંડ છે. એ આપણી રાષ્ટ્રીય ચેતનાની અસ્મિતા છે. નાગરિકોમાં રાષ્ટ્ર પરત્વે પ્રેમ, રાષ્ટ્ર માટેની સંપૂર્ણ વફાદારી તેમજ રાષ્ટ્ર માટે સંપૂર્ણ ન્યોછાવર કરવાની ભાવના જાગૃત થાય તે જરૂરી છે. રાષ્ટ્રીય એકતા એ કોઈ પણ રાષ્ટ્રના સર્વાંગી વિકાસનો પ્રાણ, પાયો અને પુરુષાર્થની પ્રેરણા છે. રાષ્ટ્રીય એકતા વિહોણી પ્રજા વિદેશી આક્રમણો સામે ટકી શકતી નથી કે આંતરવિગ્રહો શાંત પાડી શકતી નથી. રાષ્ટ્રની શાંતિ, સલામતી અને પ્રગતિ માટે તેમજ સુરક્ષાનું કવચ મજબૂત કરવા માટે રાષ્ટ્રીય એકતાની તાતી જરૂર છે. પ્રજાના રાષ્ટ્રીય ચારિત્ર્યનું સંવર્ધન કરવા અને ઉન્નત રાષ્ટ્રપ્રેમ જગાડવા માટે પણ તે અતિ આવશ્યક છે.

એક ઉપખંડ જેવા ભારત રાષ્ટ્રમાં જ્યાં વિવિધ ભાષાબોલી, પહેરવેશ, રહેણીકરણી તથા જીવનરીતિ હોય ત્યાં રાષ્ટ્રીય એકતાનો પ્રશ્ન પેચીદો બને એ સ્વાભાવિક છે. ભારત-પાકિસ્તાનના વિભાજનના ધરતીકંપે ભારતમાતાની ધરતીમાં ઊંડી તિરાડો પાડી. આ ભાગલા ન પડે તે માટે ગાંધીજીએ છેલ્લી ઘડી સુધીના અથાક પ્રયત્નો કરેલા. તેઓ કહેતા કે દ્વિરાષ્ટ્રનો સિદ્ધાંત અસત્ય છે. જેમને ભગવાને એક કર્યા છે તેમને માણસો વિભક્ત નહિ કરી શકે. ભારતનું વિભાજન કરતાં પહેલાં મારા ટુકડા કરો. છતાં 14મી ઑગસ્ટની કાળરાત્રિએ હિંદુસ્તાનના ભાગલા પડ્યા. એ વખતથી કોમી વૈમનસ્યનાં રોપાયેલાં બીજ આજેય આપણા દેશમાં અવારનવાર કટોકટી સર્જી શકે છે.

ભારતની એકતાના અને અખંડતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલે ભારે કુનેહ, સૂઝબૂઝ અને દૂરંદેશી વાપરીને ભારતનાં 565 જેટલાં દેશી રાજ્યોનું વિલીનીકરણ કરી ભારત સંઘની રચના કરી. આ રીતે ભૌગોલિક અને રાજકીય એકતાની પ્રક્રિયા પૂરી કરી.

**રાષ્ટ્રીય એકતા એટલે શું ?**

સામાન્ય રીતે રાષ્ટ્રમાં રહેતી તમામ પ્રજાની એકાત્મતાની ભાવનાને રાષ્ટ્રીય એકતા કહેવાય છે. તેના દ્વારા દેશભક્તિની ભાવના પ્રગટ થાય છે. રાષ્ટ્રીય એકતાની ભાવનાને નીચે પ્રમાણે સમજાવી શકાય.

વિભિન્ન ભાષાભાષી, વિવિધ ધર્મો પાળતી, અનેક જાતિઓમાંથી ઊતરી આવેલી અને અલગ અલગ ભૂમિપ્રદેશોમાં વસતી પ્રજાની અંદર પણ પોતાના દેશ કે રાષ્ટ્ર પ્રત્યે વફાદારી, આદર અને પ્રેમની લાગણી જાગૃત થાય ત્યારે એકતાની ભાવના અસ્તિત્વમાં આવે છે. આવી એકતાને રાષ્ટ્રીય એકતા કહેવામાં આવે છે.

ડૉ. રાધાકૃષ્ણન્ જણાવે છે - 'રાષ્ટ્રીય એકતાનું ચણતર કોઈ ઈંટ કે ચૂના વડે કરી શકાય નહિ. એ તો માણસના દિલ અને દિમાગમાં શાંતિપૂર્વક પાંગરવી જોઈએ ને એ માટેની પ્રક્રિયા એ કેળવણીની જ પ્રક્રિયા હોઈ શકે.' આમ, રાષ્ટ્રીય એકતા કેળવવામાં શિક્ષણ જ એક આધારસ્થંભ છે. સાક્ષરતાનું પ્રમાણ જેમ જેમ વધતું જાય તેમ તેમ રાષ્ટ્રની પ્રજામાં સૂઝ, સમજ અને શાણપણમાં વધારો થાય છે. વિશાળ દૃષ્ટિકોણ કેળવાતાં નાગરિકો ઉદારમતવાદી, પરમતસહિષ્ણુ અને માનવતાવાદી બનીને રાષ્ટ્રને જ સર્વેસર્વું માની દેશભક્તિના રંગે રંગાઈ જાય છે તથા સૌની સાથે સમન્વય સાધી સમગ્ર રાષ્ટ્ર એક ને અખંડ રહે તેવી ભાવના વિકસે છે. એ જ આપણી રાષ્ટ્રીય એકતા.

## રાષ્ટ્રીય એકતાનાં પરિબળો

રાષ્ટ્રીય એકતાને દઢ કરનારાં પરિબળો નીચે પ્રમાણે છે :

સાંસ્કૃતિક એકતા, બિનસાંપ્રદાયિકતા, એક જ નાગરિકત્વ, સુગ્રથિત ન્યાયતંત્ર, એક રાષ્ટ્રભાષા વગેરે છે.

## તંત્રગત એકતા

તંત્રગત એકતાનો એક અંશ છે દેશનું બંધારણ. બંધારણ આપણો પવિત્ર કરાર છે. એની જોગવાઈઓનું જતન થવું જોઈએ. શાસકપક્ષ અને વિરોધ પક્ષોએ પણ તેનું ઉલ્લંઘન ન થાય તેની તકેદારી રાખવી જોઈએ. બંધારણના સિદ્ધાંતો કોઈ પણ ધર્મના સિદ્ધાંતો જેટલા જ મહત્ત્વના છે. ભારત બિનસાંપ્રદાયિક લોકશાહી સમવાયતંત્રને વરેલો દેશ છે. દેશના કાયદાઓને માન આપવાનું અને સાથોસાથ ન્યાયતંત્રની સર્વોપરિતા સ્વીકારવાનું વલણ પ્રત્યેક નાગરિકે રાખવું જોઈએ. સરકારી નોકરીઓ પણ અંગત સ્વાર્થથી પર થઈ તટસ્થ નીતિ અપનાવીને આપવી જોઈએ. કર્મચારીગણ પણ પોતાની સેવાઓ પ્રાદેશિક નિષ્ઠાથી પર થઈને આપે એ જરૂરી છે. કર્મચારીઓનાં વિવિધ સંગઠનોમાં પણ એકતાનો સૂર હોવો જોઈએ.

## ભાવાત્મક એકતા

સ્વતંત્ર ભારતના ઇતિહાસની ગૌરવગાથાનો અભ્યાસક્રમોમાં સમાવેશ થવો જોઈએ. સમગ્ર રાષ્ટ્રને એક, અખંડ અને સાર્વભૌમ રાખવા કેવા સંનિષ્ઠ પ્રયાસો થયા તેની માહિતી ભારતના પ્રત્યેક નાગરિક સુધી પહોંચવી જોઈએ. ભારત એટલે આસેતુ હિમાલય. હિમાલયનાં ઉત્તુંગ શિખરોથી માંડીને રામેશ્વર સુધી, દ્વારકાથી માંડીને દિબ્રુગઢ સુધી ભારતની એકતા સ્વતઃસિદ્ધ છે. આપણા પૂર્વજોએ પહેલેથી વિવિધતામાં એકતાના સંસ્કારો દઢ કરેલા છે. રંગબેરંગી વિવિધતા વચ્ચે એકતા જાળવી રાખવી એ આપણો સોનેરી ગુણ છે.

સર્વધર્મસમભાવનો ગુણ આપણા મૂળભૂત સંસ્કારો સાથે સુદઢ બની ચૂક્યો છે. બધા ધર્મોનાં મૂળભૂત તત્ત્વોમાં કોઈ ભેદ નથી. ધર્મ, ભાષા, રૂપ, રંગ કે રીતરિવાજો ઉપરવટ જઈને બધાની સાથે એકતા સાધવાની પ્રક્રિયા આ દેશમાં પરાપૂર્વથી ચાલ્યા કરી છે જેને આપણે ભાવાત્મક એકતા કહીએ છીએ. આપણી વિચારસરણી, માન્યતાઓ અને રહેણીકરણીમાં વિવિધતા હોવા છતાં અભ્યાંતરે આપણે એક જ છીએ કે - હું પ્રથમ ભારતીય છું પછી જ હું હિંદુ, મુસ્લિમ કે ગુજરાતી-પંજાબી છું.

આપણા દેશમાં વિવિધ સંસ્કૃતિઓના, વિવિધ દેશોના લોકો આવ્યા, જેમકે પારસીઓ, મુસ્લિમો વગેરેના સહઅસ્તિત્વનો આપણે સ્વીકાર કર્યો. પરાયાને પોતીકા કરવાની સહિષ્ણુતા ભારતીય સંસ્કૃતિની આધારશિલા રહી છે. સૌને સ્વીકારવાની સાગર જેવી ઉદાત્તતા આપણામાં છે.

## સમતોલ આર્થિક વિકાસ

સમગ્ર રાષ્ટ્રનો આર્થિક વિકાસ સમતોલ રીતે થવો જરૂરી છે. ભાખરા અને નાંગલ યોજનાને લીધે પંજાબ-હરિયાણાનો આર્થિક વિકાસ ખૂબ જ થાય અને બિહાર કે આંધ્ર યોજનાના અભાવે કે કેન્દ્રની સહાયને અભાવે પછાત રહે તે કેમ પોષાય ? સિંચાઈ, ખનીજસંપત્તિ કે અન્ય બાબતોનો લાભ તમામ રાજ્યોને સરળતાથી મળે તેવું આયોજન હોવું ઘટે. વિશેષતઃ પછાત અલ્પવિકસિત રાજ્યો પ્રત્યે થોડા વધુ ઉદાર બનીને તેમની સવિશેષ કાળજી લેવાવી જોઈએ. મોટા પાયાના ઉદ્યોગો, ઉત્પાદનનાં સાધનોની વહેંચણી કે કુદરતી સંપત્તિનો વિનિયોગ જે-તે રાજ્યની સ્થિતિ મુજબ કરવો જોઈએ. આદિવાસી વિસ્તારોમાં રોજગારીની તકો વધે, સ્થાનિક કક્ષાએથી ગરીબી નિર્મૂળ થાય તેવું ગોઠવાવું જોઈએ. આર્થિક અસમાનતા રાષ્ટ્રીય એકતા માટે

બાધક પરિબળ છે એ ભૂલવું ન જોઈએ. ગૃહ-ગ્રામોદ્યોગને ઉત્તેજન, સ્વદેશી ભાવના, સહકારી પ્રવૃત્તિઓ, સ્વરોજગારીની તકો અને સાર્વત્રિક શિક્ષણનું અમલીકરણ સત્વરે થવું જોઈએ.

**ભૌતિક સાધનોની મર્યાદા**

ભારત એક વિશાળ દેશ છે. ભારતની કુલ વસ્તી વિશ્વની વસ્તીના લગભગ 16 % જેટલી છે પણ વિશ્વના કુલ જમીનવિસ્તારમાં ભારતનો હિસ્સો માત્ર 2.4 % છે. વસ્તીવિસ્ફોટના કારણે જમીનવિસ્તાર નિરંતર ઘટતો જાય છે. કારણ કે વધતી જતી વસ્તીની જરૂરિયાતો જેવી કે રહેણાંકો, શાળાઓ, હૉસ્પિટલો, રસ્તાઓ, નહેરો, કારખાનાં વગેરે વધુ ને વધુ જમીન રોકતાં જાય છે. તેના પ્રમાણમાં નવસાધ્ય જમીનો બહુ ઓછી મળે છે.

પ્રગતિની દૃષ્ટિએ ભારત અનેક ક્ષેત્રોમાં આગળ વધવા અથાક પ્રયત્ન કરનારો દેશ છે. છતાં દેશના નાગરિકોની માથા દીઠ આવકનું પ્રમાણ ઘણું ઓછું છે. વિશ્વની દૃષ્ટિએ 20 ટકાથી વધુ ગરીબો માત્ર ભારતમાં છે. બેરોજગારીનો આંક દિનપ્રતિદિન વધતો જ જાય છે. અનેક પંચવર્ષીય યોજનાઓ પણ એની ગરીબી હટાવી શકી નથી. ઔદ્યોગિક વિકાસની જીવાદોરી જેવા ખનીજોના ભંડાર કહેવાય છે જે નજીકના ભવિષ્યમાં જ ખતમ થઈ જશે. વિજ્ઞાનીઓ હવે સાચવીને વાપરો એવી ચેતવણી પણ આપવા લાગ્યા છે. આવી આર્થિક અને સામાજિક વિષમતા વચ્ચે જીવન ટકાવી રાખવા મથતો માણસ રાષ્ટ્રીય એકતાની વાત શી રીતે સમજવાનો?

ઇતિહાસનો બોધપાઠ છે કે આપણા લોકોમાં એક થઈને આફતનો સામનો કરવાની પરંપરા નથી. તેથી બહાદુર હોવા છતાં ખોટા અહં અને મિથ્યાભિમાનના ખ્યાલોમાં રાચતા શક્તિશાળી રજપૂતો મુસ્લિમ આક્રમણો સામે ટકી શક્યા નહિ. પાણીપતના ત્રીજા યુદ્ધ વખતે મરાઠા સરદારોમાં અને તેમના સૈનિકોમાં એકતા અને સમાનતાનો અભાવ એ જ તેમના પરાજયનું કારણ હતું.

આઝાદીની લડતોએ રાષ્ટ્રીય એકતાની ભાવનાનું નિર્માણ કર્યું. સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ ભારત પર 1962માં ચીને આક્રમણ કર્યું ત્યારે ફરી વાર ભારતીય લોકોની રાષ્ટ્રીય એકતાનું દર્શન થયું. ચીની આક્રમણ વખતે સમગ્ર પ્રજા અને વિરોધ પક્ષો પણ સરકારની પડખે હતા. પ્રજાએ સુવર્ણના દાગીના, નગદ નાણું અને અન્ય ચીજો આપીને સૈનિકફંડની ઝોળી છલકાવી દીધી હતી. બીજી વાર ભારતને પાકિસ્તાન સામે યુદ્ધે ચડવાનો પ્રસંગ બન્યો ત્યારે દેશમાં અનાજની ખેંચ વર્તાતી હતી. ત્યારે ભારતના વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ લોકોને દર સોમવારે ઉપવાસ કરવાની કરેલી અપીલને રાષ્ટ્રે વધાવી લઈને સોમવારને શાસ્ત્રી સોમવાર જેવું ગૌરવવંતું માન આપીને અપનાવી લીધી હતી. આવો જ ત્રીજો પ્રસંગ 1971માં પૂર્વ પાકિસ્તાનના એક કરોડ જેટલા નિરાશ્રિતોને નભાવવાની સ્થિતિ આવતાં તે બોજો વહન કરવા માટે તત્કાલીન વડા પ્રધાન શ્રીમતી ઇંદિરાજીએ વાહનવ્યવહાર અને મનોરંજન પર રૂપિયે 10 પૈસા ઉપકર નાખેલો અને લોકોએ તે વિના વિરોધે સ્વીકારી લીધેલો.

દેશ ઉપર આફત આવે કે બાહ્ય આક્રમણ થાય ત્યારે આપણી રાષ્ટ્રીય એકતા પ્રગટ થાય છે. એ નૂતન પરિબળ છે. આઝાદીની લડત દરમ્યાન દેશની પ્રજામાં સમાનતાની અને દેશભક્તિની જે પ્રબળ ભાવના વિકસી છે તેનું જ આ શુભ પરિણામ જોવા મળી રહ્યું છે. આપણી રાષ્ટ્રીય એકતાની ભાવના ઘડાવા લાગી છે. એ એક મજબૂત રાષ્ટ્રના સર્જનનું પરિબળ બનશે.

## ધાર્મિક સહિષ્ણુતા

ધાર્મિક કટ્ટરતાવાદ આપણી ધાર્મિક સહિષ્ણુતાને ઠેસ પહોંચાડે છે. બાહ્યાચારમાં રહેલો તફાવત, ધર્મપ્રચારનું ઝનૂન તેમજ કેટલીક ધાર્મિક લાગણીઓ સાથે ચેડાં એકબીજા ધર્મીઓ પ્રત્યે વૈમનસ્ય જન્માવે છે. ધાર્મિક આચારભેદને કારણે સંઘર્ષો થાય છે. વાતનું વતેસર થઈને કોમીરમખાણો ફાટે છે. આવા સમયે સંતોની સર્વ ધર્મો ઈશ્વર પ્રતિ લઈ જાય છે એ શિખામણ હૈયે ધરીને આપણે મનહૃદયને ઉદાર બનાવવાં જરૂરી છે. ભારત દેશ તો અનેક ધર્મોનું ઉદ્ભવસ્થાન અને અનેક ધર્મોનું આશ્રયસ્થાન છે. હિંદુ ધર્મ, જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ, શીખ ધર્મ ભારતમાં જ પ્રગટ્યા છે, તો ઈસ્લામ, ખ્રિસ્તી, પારસી વગેરે ધર્મો અહીં બહારથી આવ્યા છે. આ બધા જ ધર્મો અહીં પળાય છે. પ્રત્યેકનાં ધાર્મિક વિધિવિધાનો અલગ અલગ છે. વર્ષો સુધી આ બધા ધર્મો પાળનારા આપણે પરસ્પર માનવતાના નાતે જોડાઈને જીવ્યા. ક્યારેક ક્યાંક વિક્ષેપ આવ્યો ત્યારે સંત કબીર, નાનક, રોહીદાસ, સ્વામી રામકૃષ્ણ પરમહંસ, વિનોબા જેવા સંતોએ અને સૂફીવાદી ઓલિયાઓએ પ્રજાને ભેદભાવથી પર રહી સબકા માલિક એકનો સંદેશો આપેલો છે તે સૌને સાચો રાહ બતાવે છે.

ખુદાઈ ખિદમતગાર અબ્દુલ ગફારખાન જેવા સ્વાતંત્ર્યસેનાની ધર્મના સાચા રહસ્યને સમજાવતાં જણાવે છે કે ધર્મ ઈન્સાનિયત સારુ આવે છે. ખુદાના ખલ્કની ખિદમત કરવા આવે છે. આજે પણ દેશમાં જુદા જુદા ધર્મોનાં અનેક તીર્થસ્થાનો એવાં છે કે જ્યાં અનેક ધર્મના લોકો શ્રદ્ધાપૂર્વક જઈને પોતાની ઈચ્છાઓ ફળે તેવી પ્રાર્થના કે ઇબાદત કરતા હોય છે. આ બધાં ધર્મસ્થાનો સાચા અર્થમાં રાષ્ટ્રીય એકતાને મજબૂત કરનારાં સ્થળ છે.

ભારતીય સંસ્કૃતિનો પાયો જ પરસ્પર સદ્ભાવ અને સહિષ્ણુતાનો રહ્યો છે. સાગરમાં બધી નદીઓ સમાય તેમ અહીં વિવિધ ધર્મની અને વિવિધ દેશોની પ્રજાનું ભારતીયકરણ થતું રહ્યું છે. હજારો વર્ષોથી દુનિયાના અનેક દેશના લોકો આ દેશમાં આવીને વસ્યા છે. આવી રીતે આવનારા આગંતુકો આ દેશની પ્રજાનો આતિથ્યસત્કાર પામ્યા છે. આ દેશ પરાયો છે તેવો અહેસાસ તેમને ક્યારેય થવા દીધો નથી પણ ક્યારેક સાચો ધર્મ વિસારે પડે છે ત્યારે ધર્માંધતા, ધર્મવિમુખતા, ધાર્મિક આતંકવાદ વગેરે પ્રકારનો અનાચાર વકરે છે. ધર્મના નામે રક્તપાત થાય છે જે દેશને બરબાદ કરે છે. વિનોબા ભાવેએ કહ્યું છે કે સ્વધર્મ પ્રત્યે નિષ્ઠા, પરધર્મ પ્રત્યે સહિષ્ણુતા અને અધર્મ પ્રત્યે ઉપેક્ષા સેવવી જોઈએ.

## ઉપાયો

(1) શાળા, કૉલેજો, છાત્રાલયોમાં અને સમારંભોમાં સર્વધર્મસમભાવ પ્રાર્થના થાય એવો આગ્રહ રાખવો જોઈએ.

(2) પ્રત્યેક નાગરિકને બંધારણે બક્ષેલા ધર્મસ્વાતંત્ર્યના મૂળભૂત હકનો સૌએ સ્વીકાર કરવો જોઈએ.

(3) બધા ધર્મોનાં ઉત્તમ તત્ત્વોની પ્રત્યેક નાગરિકને જાણકારી મળે તેમ કરવું જોઈએ. તેથી બીજા ધર્મો વિશેની ગેરસમજો દૂર થશે.

(4) સર્વોદય સંસ્થાઓએ, વિવિધ શિક્ષણસંસ્થાઓએ, પ્રત્યેક ધર્મના આગેવાનોએ, સંત મહાત્માઓએ આ દિશમાં સંનિષ્ઠ પ્રયાસો કરવા જોઈએ.

(5) વ્યક્તિઓને અમુક ધર્મના લોકો તરીકે જોવાને બદલે સમાન અધિકારવાળા નાગરિકો તરીકે જોવાનો અભિગમ અપનાવવો જોઈએ. નવી વસાહતો અને સોસાયટીઓમાં સર્વ કોમના લોકોને રહેણાક મળે તેવું ગોઠવવું પડશે.

(6) કોઈની પણ ધાર્મિક લાગણી દુભાય તેવું કાર્ય ન કરવું.

(7) કોઈ પણ ધર્મ બીજા ધર્મથી ચડિયાતો કે ઊતરતો છે જ નહિ. બધા ધર્મો ઈશ્વર તરફ જવાના માર્ગો છે. કોઈ પણ ધર્મ સંપૂર્ણ હોતો નથી. દરેક ધર્મમાં કંઈક વિશેષતા હોય છે. તેથી આવી બાબતોનો પ્રચાર કરીને વિવિધ ધર્મના અનુયાયીઓમાં પરસ્પર સદ્‌ભાવ જન્મે તેવો માહોલ સર્જવો જોઈએ.

(8) સમાજરચનાના પોતમાં આમૂલ પરિવર્તન લાવવું પડશે. સમન્વયાત્મક સમાજની રચના કર્યા સિવાય ચાલશે નહિ. જ્ઞાતિજાતિના ભેદો નિર્મૂળ કરવા પડશે. નામની આગળ અટક લખવાનું બંધ કરવું પડશે. જ્ઞાતિજાતિના ધોરણે મળતી સગવડો આર્થિક પરિસ્થિતિને આધારે આપવી પડશે.

## અવરોધક પરિબળો

રાષ્ટ્રીય એકતાને અવરોધતાં અનેક પરિબળો છે, જેવાં કે ભાષાવાદ, પ્રદેશવાદ, કોમવાદ, અલગતાવાદ, આતંકવાદ, રાજકીય ભ્રષ્ટાચાર અને સત્તાનું રાજકારણ વગેરે. આપણે એનો અભ્યાસ કરીશું.

## ભાષાવાદ

ભારત બહુભાષી દેશ છે. અહીં બોલાતી અનેક ભાષાઓ આપણી એકતાનું બળ બનવી જોઈએ; આપણને જુદા પાડનારું પરિબળ નહિ. રાષ્ટ્રીય એકતા ચરિતાર્થ કરવામાં ભાષા પણ એક તંતુ બની શકે છે. તેથી અંગ્રેજી, હિંદી અને માતૃભાષા એમ ત્રણ ભાષાનું માળખું સ્વીકારી બંધારણના આઠમા પરિશિષ્ટમાં 18 ભાષાઓને સ્થાન આપવામાં આવ્યું છે. હિંદી આપણી રાષ્ટ્રભાષા બને અને દેશનો વહીવટ હિંદીમાં ચાલે એવું બંધારણમાં સ્વીકારેલું હોવા છતાં અંગ્રેજીની ઘેલછા આપણાથી છૂટી નથી. સરકારી નોકરીઓના હિતને લક્ષમાં રાખીને અંગ્રેજીની તરફેણમાં અને વિરુદ્ધમાં એમ બે છાવણીઓમાં દેશ વહેંચાઈ ગયો. ઉત્તરનાં રાજ્યો હિંદીનું સમર્થન કરે છે, તો દક્ષિણનાં રાજ્યો અંગ્રેજીનું સમર્થન કરે છે. આઝાદીના સુવર્ણમહોત્સવપ્રસંગે પણ હિંદીને રાષ્ટ્રભાષાનો દરજ્જો સાંપડ્યો નથી એ અફસોસની વાત છે.

બીજો પ્રશ્ન ભાષાવાર પ્રાંતરચનાનો ઊભો થયો. લોકાભિમુખ, પારદર્શક અને કુશળ વહીવટ માટે ભાષાવાર પ્રાંતરચનાનો ખ્યાલ જે-તે સમયના રાજકર્તાઓને આવ્યો હતો પરંતુ આજે તો તે એક સંકુચિત ભાવનાનું પ્રતીક બની ગયું છે.

## ઉપાયો

ભાષાવાદના ઝનૂનથી આ દેશના વધુ ભાગલા પડતા અટકાવવા હોય તો ઊગતી પેઢીના શિક્ષણમાં ભાવાત્મક એકતાને ખાસ સ્થાન આપવું પડશે. આ માટે રાષ્ટ્રભાષાનું શિક્ષણ જ વધુ ઉપકારક બની શકે તેમ છે. તે ઉપરાંત ઉત્તરના લોકો દક્ષિણની ભાષા શીખે અને દક્ષિણના લોકો ઉત્તરની ભાષા શીખે જેથી ભાષાવાદનું ઝનૂન મોળું પડે. બીજાં રાજ્યોમાંથી પોતાના રાજ્યમાં આવી પ્રતિષ્ઠાસ્થાન પ્રાપ્ત કરેલા અન્યભાષી વહીવટદારો પ્રત્યે સ્થાનિક પ્રજા સંઘર્ષમાં ઊતરવાને બદલે રાષ્ટ્રીય દૃષ્ટિબિંદુથી ઔદાર્યપૂર્ણ વ્યવહાર ગોઠવે એ પણ એટલું જ જરૂરી છે. સરકાર તરફથી બહાર પડતા તમામ પરિપત્રોનો મૂળ ભાષાની સાથે હિંદીમાં પણ અનુવાદ થાય તે ખૂબ ઇચ્છનીય ગણાશે.

## કોમવાદ

કોમવાદ એટલે એક જ જાતિની મર્યાદામાં રહીને, એને જ માનદંડ માનીને સર્વ પ્રશ્નો તરફ જોવું તે. કોઈ પણ પ્રશ્ને એની જ્ઞાતિ ઉપર શી અસર પડશે એ પ્રકારની ટૂંકી અને સંકુચિત વૃત્તિને કોમવાદ તરીકે ઓળખી શકાય.

કોમવાદ બ્રિટિશરોની કુટિલ રાજનીતિનું પરિણામ છે. પોતાની સત્તા ટકાવી રાખવા રમેલી મેલી રમત છે. તેમણે જ હિંદુ-મુસ્લિમ પ્રજામાં કોમીવૈમનસ્યનાં ઝેરી બીજ રોપ્યાં જે જતે દહાડે કટ્ટરતાના રૂપમાં પરિવર્તિત થયાં. કોમવાદ રાષ્ટ્રીય એકતાના વિકાસમાં એક અવરોધક પરિબળ છે. તે પ્રજામાનસમાં અસહિષ્ણુતા, આતંક અને ભય ઉપજાવે છે. કેટલાક રાજકીય પક્ષો, સ્થાપિત હિતો સત્તાને ટકાવી રાખવા કોમવાદના ઝેરી નાગને દૂધ પાઈને ઉછેરે છે. કોમવાદ જ્યારે માઝા મૂકે છે ત્યારે જનજીવન છિન્નભિન્ન થઈ જાય છે. કરોડોના જાનમાલને નુકસાન થાય છે. લોકો બેઘર, બેકાર અને નિરાધાર બની જાય છે.

ભારતમાં વિવિધ કોમો ભાઈચારાથી જીવતી હતી. સૌ પારિવારિક સદ્ભાવથી રહેતા હતા પણ કમનસીબે આઝાદી મળતાં જ કોમી આગ ભભૂકી ઊઠી. બન્ને વિસ્તારોમાંથી લાખો માનવીઓને હિજરત કરી માદરે વતનથી નિરાશ્રિત થવું પડ્યું. હજીયે વિકૃત મનોદશાવાળાં ભારતની પ્રગતિથી બળતાં વિદેશી રાષ્ટ્રોને આપણી રાષ્ટ્રીય એકતા ડંખે છે. તેઓ પ્રજાને ઉશ્કેરીને ભારતવિરોધી ષડ્યંત્ર રચે છે. પ્રજામાં ચિનગારી ચાંપીને આંતરવિગ્રહ કરાવે છે છતાં ભારત આજે એક અને અખંડ રહ્યું છે.

**કોમવાદ ડામવાના ઉપાયો**

(1) ધાર્મિક પ્રસંગોએ યા ઉત્સવોમાં કોમીએખલાસનું વાતાવરણ સર્જવું જોઈએ. આના માટે સર્વધર્મ-સમભાવ, બિરાદરી, સમાદર અને શાંતિમય સહઅસ્તિત્વની ભાવના જગવવી જોઈએ.

(2) બધી કોમના રાષ્ટ્રીય પ્રવાહોને સમજી જાણી શકે તેવા શાણા, સહિષ્ણુ અને અગ્રગણ્ય નાગરિકોની એકતાસમિતિ રચવી જોઈએ જે કાયમી ધોરણે પ્રજામાં બંધુત્વ જગાડે, પારસ્પરિક વિશ્વાસ ને સલામતીની લાગણી જન્માવે.

(3) કોમી લાગણી દુભાય તેવી કલાકૃતિઓ, પ્રવચનો કે નિવેદનો ઉપર પ્રતિબંધ મુકાવો જોઈએ.

(4) શાળાએ દૂરના પરપ્રાંતીય પ્રવાસો ગોઠવવા જોઈએ, પત્રમૈત્રી અને પારસ્પરિક ઈદમુબારક, નાતાલમુબારક અને સાલમુબારકનાં કાર્ડ મોકલવાં જોઈએ.

**પ્રદેશવાદ**

ભાષાના ધોરણે રાજ્યોની પુનર્રચના થયા પછી ભારતનાં કેટલાંક રાજ્યોમાં પ્રાદેશિક અધિકારો મેળવવાની વૃત્તિ પ્રબળ બનતી જાય છે. સમગ્ર રાષ્ટ્રનાં હિતોને અગ્રતા આપવાને બદલે પોતાના રાજ્યનાં હિતોને પ્રાથમિકતા આપવાના વલણને પ્રદેશવાદ કહી શકાય. ભારતનાં જે રાજ્યોમાં એક જ ભાષા અને કોમની બહુમતી પ્રજા વસે છે ત્યાં પ્રજાની પ્રાદેશિકતાની ભાવના વધુ પ્રબળ જોવા મળે છે. પ્રાદેશિકતાની ભાવના આપણી રાષ્ટ્રીય એકતાની ભાવનાને છિન્નભિન્ન કરતી ગંભીર સમસ્યા છે. પ્રાદેશિક સંકુચિતતાને લીધે એક પ્રદેશના લોકો બીજા પ્રદેશના લોકોને પોતાના હરીફ સમજવા લાગ્યા છે. પોતાના પ્રદેશની ખનીજસંપત્તિ, જળસંપત્તિ અને જંગલસંપત્તિનો બહુધા લાભ પોતાને જ સૌથી વધુ મળે તેવી સંકુચિત માગણીઓ થવા લાગી છે. હું પ્રથમ ભારતીય છું પછી હું પ્રાદેશિક છું એવી ઉદાત્ત રાષ્ટ્રીય અસ્મિતાની ભાવના દિનપ્રતિદિન લુપ્ત થતી જાય છે.

કેટલાંક સંકુચિત સંગઠનોએ પ્રાદેશિક સેનાઓ રચી છે. પ્રાદેશિકતાના ધોરણે રાજકીય પક્ષો રચી તેમનાં રાજ્યોમાં વસતા પરપ્રાંતીય લોકો પ્રત્યે ભેદભાવ અને કટુતાની લાગણી જન્માવે છે. પંજાબ અને હરિયાણા અલગ થયાં. દિનપ્રતિદિન અલગતાવાદ વકરતો જાય છે. ભારતનાં કેટલાંક રાજ્યોની પ્રજા પોતાના અલગ રાજ્યની માગણી કરી રહી છે. બિહારના આદિવાસી લોકોએ હમણાં જ લડત કરીને અલગ રાજ્યો તરીકે

ઝારખંડને મેળવ્યું છે. હજુ તો ગુરખા લોકો ગુરખાલૅન્ડની તો મહારાષ્ટ્રમાં વિદર્ભના લોકો વિદર્ભની, પંજાબના ઝનૂની શીખો ખાલીસ્તાનની માગણી કરી રહ્યા છે. દેશ વિભાજિત થતો જ રહે તો પછી રાષ્ટ્રીય એકતા જળવાય શી રીતે ? કૃષ્ણા, કાવેરી, ગોદાવરી, નર્મદા વગેરે નદીઓનાં પાણીની વહેંચણીના પ્રશ્નો રાજ્યો રાજ્યો વચ્ચેની તંગદિલી વધારે છે. મહારાષ્ટ્ર અને કર્ણાટક વચ્ચે બન્યું છે તેમ રાજ્યો વચ્ચેની સીમાની સમસ્યા પણ ઘેરી બની છે. ચંડીગઢ માટે પંજાબ અને હરિયાણા વચ્ચે તેમજ બેલગામ માટે મહારાષ્ટ્ર અને કર્ણાટક વચ્ચે ખેંચતાણ પ્રવર્તે છે.

**પ્રદેશવાદ નિવારવાના ઉપાયો**

(1) સંસદમાં પાતળી બહુમતીવાળો કે સાથી પક્ષોના સથવારે રાજ કરતો પક્ષ ઇચ્છનીય નથી. સ્પષ્ટ બહુમતીના જનાદેશવાળો પક્ષ જ કોઈના પ્રભાવમાં આવ્યા સિવાય કાર્યક્ષમ વહીવટ આપી શકે.

(2) દેશમાં કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળે તેવું, સમસ્યાઓને તાકીદે હલ કરે તેવું અને સમગ્ર પ્રજા ઉપર પ્રભાવ હોય તેવું ગતિશીલ અને સમત્વપ્રધાન નેતૃત્વ પણ જરૂરી છે.

(3) પ્રજાને નાગરિકતાનું શિક્ષણ આપવું જરૂરી છે જેથી સંકુચિતતા છોડીને રાષ્ટ્રહિતને અગ્રિમતા આપે.

(4) મનમાની કરતા પ્રાદેશિક પક્ષો, રાજ્યસરકારો કે માત્ર પ્રાદેશિક હિતને વરેલા નેતાઓને કાબૂમાં રાખે તેવો સબળ લોકમત હોય તો બધું થાળે પડે.

(5) અલગતાવાદીઓ આતંકવાદીઓ સામે સમયસરનાં પગલાં ભરીને જે-તે સમસ્યાઓનો હલ શોધવો જોઈએ.

**સત્તાનું રાજકારણ**

સત્તાનું રાજકારણ સાંપ્રત ભારતની અટપટી સમસ્યા છે. મધ્યસત્ર ચૂંટણી એનું જ્વલંત ઉદાહરણ છે. સંસદમાં કોઈ પણ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળે તે એક કમનસીબી છે. સત્તાધીશ પક્ષ પોતાની સત્તા ટકાવી રાખવા જે સોદાબાજીઓ અને વરવાં પ્રદર્શનો કરે છે તેથી આપણું માથું શરમથી ઝૂકી જાય છે ! શું આ ગાંધી, સરદાર અને નહેરુનું ભારત છે ? નેતાઓ દેશને વફાદાર રહેવાને બદલે સત્તાને અગ્રસ્થાન આપે છે. ધનાઢ્યો પાસેથી ચૂંટણીફંડો પડાવીને તેઓને લાભ થાય એવો છુટ્ટો દોર આપે છે. ચૂંટાયેલ પ્રતિનિધિઓ પ્રજાને કે સ્વપક્ષને વફાદાર રહેતા નથી. પ્રજાનો તેઓએ વિશ્વાસ ગુમાવી દીધો છે. સત્તા ટકાવવા મૂલ્યો છેક રસાતળે જવા બેઠાં છે. નીતિમત્તાનો છડેચોક ભંગ થાય છે. રાજકીય પક્ષોમાં ભંગાણો પડતાં જ જાય છે. વકરતો જતો જૂથવાદ અને વ્યક્તિનિષ્ઠ નેતૃત્વ ક્યાં જઈને અટકશે તે કહેવું મુશ્કેલ છે. પેટાજૂથો મનમાની કરીને મધ્યસ્થ સરકારને હચમચાવે છે. રાજકીય પક્ષોનો જૂથવાદ અને સંયુક્ત મોરચાઓ કોઈ પક્ષને સ્થિર શાસન કરવા દેતા નથી. રાષ્ટ્રોપયોગી કાર્યો પણ થવા દેતા નથી.

**ઉપાયો**

(1) રાજકારણમાં ભાગ લેનારે પોતાની માલમિલકતો જાહેર કરવી જોઈએ.

(2) અસામાજિક તત્ત્વો, ભ્રષ્ટાચારીઓ અને માથાભારે વ્યક્તિઓ ચૂંટણીમાં ઉમેદવારી જ ન કરી શકે તેવા કાનૂનો બનાવવા જોઈએ. જે પક્ષો કે નેતાઓ કોમવાદી તત્ત્વો સાથે હાથ મિલાવે છે તેમને પ્રજાએ જાકારો આપવો જોઈએ.

(3) ચૂંટણીપંચની આચારસંહિતાનું કડકપણે પાલન થવું જોઈએ.

(4) વધુપડતા પક્ષો શાસકપક્ષનો વિકલ્પ આપી શકતા નથી; એટલું જ નહિ પ્રજામતો વહેંચાઈ જતાં કોઈ પણ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળતાં સંસદમાં બહુમતી મેળવવા વિવિધ પક્ષો સાથે જોડાણો કરવાં પડે છે. ટેકેદાર પક્ષો મનમાની કરે છે જેનો કાયમી ધોરણે ઉપાય શોધવો પડે.

**રાષ્ટ્રીય જાગૃતિ અને એકતાનો અભાવ**

જેઓ શિક્ષિત છે તેઓ પણ બેદરકાર, વિવશ અને ચૂપ છે. તેમનામાં જાગૃતિનો અભાવ જોવા મળે છે. મતદાન કરવામાં પણ પ્રમાદ સેવે છે. લોકો અન્યાય, અધર્મ અને અનાચાર મૂંગે મોંએ સહન કર્યે જ જાય છે. પ્રતિકાર કરવાનું સામર્થ્ય અને હીર પ્રજાએ ગુમાવ્યું હોય એમ જણાય છે. સૌ આપમતલબી બનીને કેવળ સ્વાર્થ સાધવા જ જીવતા હોય એમ જણાય છે. તો પછી નિરક્ષરની તો હાલત જ શી પૂછવી ? હર એક હિંદી હિંદ છે, હર હિંદી હિંદની છે જિંદગીનો સૂર પ્રજાજનમાં ગૂંજવો જોઈએ. જાગૃતિ સાથે મતદાન કરીએ, પ્રામાણિકપણે કાયદા પાળીએ અને કરવેરા ભરીએ. બંધારણીય મર્યાદામાં રહીને વિકાસ કરીએ. સમસ્યાઓનો હલ શોધીએ. શાણા સમાજના શાણા નાગરિક બનીએ. જહૉન કેનેડીની વાત યાદ કરીએ કે તમારો દેશ તમારા માટે શું કરી શકે છે એમ પૂછો તે પહેલાં તમે તમારા દેશ માટે શું કરી શકો છો એમ જાતને પૂછો.

**ઉપાયો**

રાષ્ટ્રીય જાગૃતિ માટે પ્રચારમાધ્યમો દ્વારા સ્વતંત્ર ભારતના ઇતિહાસની રૂપરેખા દર્શાવતી સીરિયલો જેવી કે સ્વરાજ, યુગ અને સૂર બને હમારા વગેરે રજૂ થવી જોઈએ. આઝાદી માટેની ચળવળો દર્શાવતું પ્રદર્શન રજૂ કરવું જોઈએ. સરદાર પટેલ અને ગાંધી જેવી ફિલ્મો રજૂ થવી જોઈએ. રાષ્ટ્રીય કાર્યક્રમોની દબદબાભરી ઉજવણીઓ થવી જોઈએ. રાષ્ટ્રીય સ્મારકોની યોગ્ય જાળવણી થવી જોઈએ. રાષ્ટ્રીય તહેવારો સ્વાતંત્ર્યદિન, પ્રજાસત્તાક દિન, ગાંધીજયંતી, શિક્ષકદિન વગેરે પૂરા સન્માન સાથે ઊજવાવા જોઈએ. ત્રિરંગો રાષ્ટ્રધ્વજ, જનગણમન જેવાં રાષ્ટ્રગીતો અને સિંહાકૃતિવાળી રાષ્ટ્રીય મુદ્રા જેવાં રાષ્ટ્રીય પ્રતીકો આપણી એકતા અને ઓળખનાં ચિહ્નો છે. રાષ્ટ્રીય આઝાદીની લડતમાંથી તેમનો પ્રાદુર્ભાવ થયેલો છે. એ દ્વારા વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના જગાડવી જોઈએ. સ્વાતંત્ર્યસેનાનીઓનાં પ્રવચનો ગોઠવીને રાષ્ટ્રીય ભાવનાને વેગ આપવો જોઈએ. શિક્ષણસંસ્થાઓ રાષ્ટ્રભાવનાથી ભરેલા શિક્ષણના વ્યાપક પ્રચાર અને પ્રસાર દ્વારા રાષ્ટ્રીય એકતાના ઘડતરમાં સારો ફાળો આપી શકે. રાષ્ટ્રીય મૂલ્યોની જાળવણી અને નીતિશિક્ષણના પાઠનો સમાવેશ અભ્યાસક્રમમાં સુચારુતાથી થવો જોઈએ.

**રાષ્ટ્રીય એકતાના અન્ય ઉપાયો**

**(1) લોકશાહીનો જીવનરીતિ તરીકે સ્વીકાર**

આપણે આપણી લોકશાહીને લોકલક્ષી અને જીવનરીતિ તરીકે વિકસાવવાની જરૂર છે. દરેક વ્યક્તિનો આદર વ્યક્તિ તરીકે સૌના વ્યક્તિત્વનો સ્વીકાર કરી દેશના સમગ્ર લોકોને બંધુ તરીકે સ્વીકારવા પડશે. હક અને ફરજનો સભાનતાપૂર્વક વ્યવહાર ગોઠવવો પડશે. અનુશાસનનો સર્વ તબક્કે સ્વીકાર કરીને વિવિધ વિચારસરણીઓને ખીલવા દેવી પડશે. માનવજાતનું ઐક્ય સિદ્ધ કરવું પડશે. શોષણવિહીન અને સર્વોદયસાધક સમાજ નિર્માણ કરવો પડશે તેમજ રાષ્ટ્રીય મૂલ્યોનું જતન દિલોદિમાગથી કરવું પડશે.

રાષ્ટ્રીય એકતાનું કાર્ય માત્ર સરકારથી થવાનું નથી; રાજકીય એકીકરણ કે રાષ્ટ્રીયકરણ એક પ્રજા, એક નેતા, એક વિચારસરણી લાદવાથી પણ થવાનું નથી; સૌ કોઈનો સહિયારો પુરુષાર્થ જ કામિયાબ બનશે. દૃષ્ટિવંત રાજકારણીઓ, સંવેદનશીલ કલાકારો, પ્રગતિશીલ કિસાનો, ઉદાર ઉદ્યોગપતિઓ, નિષ્ઠાવાન શિક્ષકો, કાર્યદક્ષ પ્રામાણિક અમલદારો, કર્તવ્યપરાયણ કામદારો તેમજ પ્રાણવાન યુવાવર્ગનો સહયોગ હશે તો આ કાર્ય મુશ્કેલ નથી.

**સમરસતા**

સમતા અને સમરસતાના અભાવને કારણે ઈતિહાસમાં આપણે કારમા પરાજયનો સામનો કરવો પડ્યો છે. સમતા એ ઉપર ઉપરની ભૌતિક એકતાનું દર્શન કરાવે છે જ્યારે સમરસતા આંતરિક ઘનિષ્ઠતાનું દર્શન કરાવે છે.

**રાષ્ટ્રીય સંકલ્પના**

આપણે ત્યાં રાષ્ટ્રની સંકલ્પના માત્ર ભૂરચના નથી પરંતુ ભૂમિ, જનતા અને સંસ્કૃતિ મુખ્યતઃ છે જેના દ્વારા રાષ્ટ્રનું નિર્માણ થાય છે. અખંડ ભારત એક નૈસર્ગિક સત્ય છે. વળી, પશ્ચિમના દેશોમાં રાષ્ટ્રીય એકતાનો ખ્યાલ રાજનૈતિક છે. એટલે રાજ્ય નષ્ટ થયું તો રાષ્ટ્ર પણ નાશ પામ્યું. ભારતમાં રાષ્ટ્રનો આધાર અનેક સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક તેમજ ધાર્મિક સંસ્થાઓ રહી છે. માટે જ રાષ્ટ્ર અહીં ચિરંતન છે. ભારતને તેની રાષ્ટ્રીય એકતાની ભૂમિકા રાજ્યે નહિ પરંતુ સંસ્કૃતિએ પૂરી પાડી છે. આમ, રાષ્ટ્રીયતાનો ખ્યાલ પાર્થિવ બાબતો પર આધાર રાખતો નથી તે તો પ્રજાનો અંતરતમ નાદ છે. તેથી ઉમાશંકરે ગાયું છે કે -

ભારત નહિ નહિ વિંધ્ય હિમાલય,
ભારત સંસ્કૃતિ નિર્ઝર.

**ભારત જોડો આંદોલન**

મહારાષ્ટ્રના પદ્મવિભૂષણ બાબા મુરલીધર આમ્ટે દેશની સાંપ્રત સમસ્યાઓથી વ્યથિત હતા. 1942માં ગાંધીજીએ હિંદ છોડોનું આંદોલન ઉપાડ્યું હતું પરંતુ ત્યારપછી આઝાદીનાં ચાલીસ વર્ષ પછી આ અભય સાધકે ભારત જોડોનું અભિયાન ચલાવીને દેશને રાષ્ટ્રીય ઐક્યનો સંદેશો આપ્યો. તેમણે કહ્યું કે નફરતને તિલાંજલિ આપી દેશને એક કરીને જોડો. બાબા આમ્ટે માને છે કે દેશમાંથી વિખવાદ અને વિવાદો શમી જશે. કોમી એકતાનું વાતાવરણ ફરીથી સહૃદયતાથી રચાશે અને રાષ્ટ્રની એકતા દૃઢ બનશે. તેમના ભારત જોડો અભિયાનમાં ભારતભરમાંથી 120 જેટલાં યુવક-યુવતીઓએ સાઈકલ પર રેલી કાઢી દેશને રાષ્ટ્રીય એકતાનો સંદેશો આપ્યો હતો. શાળા-કૉલેજોનાં યુવક-યુવતીઓએ રાષ્ટ્રીય કાર્યક્રમોને વેગ આપતી ઝુંબેશો ચલાવવા આવી સાઈકલરેલીઓ, પદયાત્રાઓ અને દોડકાર્યક્રમો યોજવા જોઈએ. રાષ્ટ્રીય એકતાના નિર્માણમાં આખા દેશે જોડાઈ જવું જોઈએ.

**સ્વાધ્યાય**

**1.** આપેલા વિકલ્પમાંથી સાચા વિકલ્પને પસંદ કરીને મૂકો :

(1) દ્વિરાષ્ટ્રનો સિદ્ધાંત અસત્ય છે એવું કયા મહાપુરુષે કહ્યું હતું ? ☐

(1) ગાંધીજી

(2) જવાહરલાલ નહેરુ

(3) સરદાર પટેલ

(2) ભારતસંઘમાં સરદાર પટેલે કેટલાં રાજ્યોનું વિલીનીકરણ કર્યું છે ? ☐

(1) 335

(2) 465

(3) 565

(4) 665

(3) રાષ્ટ્રીય એકતાનું ચણતર કોઈ ઈંટ કે ચૂના વડે કરી શકાય નહિ એવું કહેનારા ચિંતક કોણ છે ? ☐

(1) ડૉ. રાધાકૃષ્ણન

(2) ડૉ. રાજેન્દ્રપ્રસાદ

(3) ડૉ. ઝાકિરહુસેન

(4) ડૉ. એ. પી. કલામ

(4) વિશ્વની જમીનના કેટલા ટકા જમીન ભારતના વિસ્તારમાં સમાયેલી છે ? ☐

(1) 2.4 %

(2) 4.2 %

(3) 5.2 %

(4) 2.5 %

(5) સ્વધર્મ પ્રત્યે નિષ્ઠા પરધર્મ પ્રત્યે સહિષ્ણુતા અને અધર્મ પ્રત્યે ઉપેક્ષા સેવવી જોઈએ એવું કયા સંતે કહ્યું છે ? ☐

(1) સ્વામી વિવેકાનંદ

(2) સ્વામી આનંદ

(3) મધર ટેરેઝા

(4) વિનોબા ભાવે

**2.** એક વાક્યમાં જવાબ આપો :

(1) ભાખરા નાંગલ ડેમથી કયાં રાજ્યોને લાભ થયો છે ?

(2) સોમવારે ઉપવાસ કરવાની અપીલ કયા વડાપ્રધાને કરી હતી ?

(3) પૂર્વ પાકિસ્તાનના નિરાશ્રિતોને નિભાવવા કયા વડાપ્રધાને વાહનવ્યવહાર અને મનોરંજન પર વિશેષ કર લાદ્યો હતો ?

(4) ભારતમાં કયા ધર્મો પળાય છે ?

(5) સબકા માલિક એકનો સંદેશો આપનારા સંતો કોણ છે ?

(6) છેલ્લે રચાયેલુ નવા રાજ્યનું નામ શું છે ?

3. બેથી ત્રણ વાક્યોમાં જવાબ આપો :

(1) રાષ્ટ્રીય એકતા એટલે શું ?

(2) ધાર્મિક સહિષ્ણુતા એટલે શું ?

(3) બંધારણના આઠમા પરિશિષ્ટમાં કેટલી ભાષાઓને સ્થાન આપવામાં આવ્યું છે ?

(4) શાળાઓમાં કોમવાદ ડામવા કેવા કેવા કાર્યક્રમો થવા જોઈએ ?

(5) રાષ્ટ્રીય એકતાને અવરોધનારાં બળો કયાં છે ?

4. ટૂંક નોંધ લખો :

(1) ભાષાવાદ

(2) પ્રદેશવાદ

(3) ભારત જોડો આંદોલન

(4) કોમવાદ

5. રાષ્ટ્રીય એકતાનાં અવરોધક બળો સામે કયા ઉપયોગ યોજી શકાય ?

6. ધાર્મિક સહિષ્ણુતા જન્મે માટે કયા કાર્યક્રમો કરવા જોઈએ ?

## પ્રવૃત્તિઓ

(1) રાષ્ટ્રીય ગીતોનું સમૂહગાન કરાવો.

(2) સર્વધર્મપ્રાર્થનાને સ્થાન આપો.

(3) રાષ્ટ્રીય એકતાને પોષક આર્ટચિત્રો તૈયાર કરાવો.

(4) શાળામાં રાષ્ટ્રીય એકતાના પ્રવચનનો કાર્યક્રમ ગોઠવો.

(5) સર્વધર્મસમભાવ સાથે ધાર્મિક તહેવારોનું મહત્ત્વ સમજાવવાનો કાર્યક્રમ ગોઠવો.

• • •